# <u>ફોજદારી કેસ નં.– ૫૭૦૪ / ૨૦૨૪</u>

## <u>આંક – ૦૧ નીચે હુકમ</u>

આજરોજ ફરીયાદી તથા આરોપીનો વારંવાર પોકાર કરવા છતા કોઈ હાજર નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. તથા હાલના કેસનુ રોજકામ વંચાણે લેતા હાલના કેસમાં છેલ્લી ત્રણ મુદત તારીખો થી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવાના સ્ટેજ પર કામ ચાલતુ હોય , તેમજ ફરીયાદી તર્ફે કોઈ આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવતુ ન હોય જેથી તારીખ – ૧૮/૦૬/૨૦૨૬ ના રોજ આંક – ૧૧ થી મુદત અરજી રજુ કરવામાં આવતા સદર કામે આરોપીનુ નવુ સરનામુ રજુ કરવા માટે છેલ્લી મુદત મંજુર કરવામાં આવેલ હતી. ત્યારબાદ પણ મુદત તારીખ – ૦૯/૦૭/૨૦૨૬ ના રોજકામ પરથી જણાય છે કે ફરીયાદી તરફે આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી તેમજ આજરોજ પણ ફરીયાદી તર્ફે આરોપીનુ કોઈ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી. આમ આજરોજ પણ ફરીયાદી તર્ફે આરોપીનુ કોઈ નવુ સરનામુ રજુ નહી કરતા કેસ ની ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આમ હાલનો કેસ આગળ ચલાવવામાં ફરીયાદીને કોઈજ રસ (INTEREST) જણાય આવતો નથી. જેથી હાલના કેસમાં ફરીયાદી તર્ફે આરોપીનુ નવુ સરનામુ રજુ નહી કરીને હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવતા ન હોય, ન્યાયના વિશાળ હીતમાં હાલનો કેસ "ડીસમીસ ફોર ડીફોલ્ટ" કરવાનો હુકમ કરવામાં આવે છે.

અંકલેશ્વર.
તારીખ –૧૭/૦૭/૨૦૨૬

( વિજયકુમાર આર. સોલંકી )
કોડ નંબર – જી.જે.૦૧૧૬૫
એડી. સીનીયર સીવીલ જજ અને
અધીક ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર.